# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'લહેર'માં ઉંડી ન જવાય, સલામતી શોધે છે!
ને 'હવા' માં પડી ન જવાય, સલામતી શોધે છે!
સલામત બેઠક માટે ચાલે છે 'ખો-ખો'નો ખેલ -
વિશ્વાસ નથી ખૂદ પર, સૌ સલામતી શોધે છે..
(બેઠક ની બબાલ)

## હાઈકુ

નૌકા સૈનામાં,
ફેલાય દુર્ઘટના -
આતંક બની..
(શંકાસ્પદ ચિંતા)

હોળી પ્હેલાં જ
દઝાડે 'આંચ' આપી -
બેઠક-યાદી..
(હોળાષ્ટક ચાલુ..)

## ચિંતન

***લક્ષ્મી યદિ્ દો નિધે યાંધો નાદો વાદોચિત્તં વધ્યઃ । બિભેતિ 'ધીવરે'ભ્યો યા જડેષ્વેવ નિમૅજ્જતિ ॥***

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણના 'લક્ષ્મીનો સ્વભાવ નામના અધ્યાયનો આ શ્લોક છે. આ શ્લોકમાં 'ધીવર' શબ્દના બે અર્થની રમત છે ૧. ધીવર એટલે માછીમાર અને બીજો ધી-વર એટલે બુદ્ધિમાં શ્રેષ્ઠ એવો બુદ્ધિમાન - અર્થ.'

'લક્ષ્મી તો સમુદ્રનું જળચર પ્રાણી જ છે. કારણ કે એ સમુદ્રમાંથી જ નીકળ્યાં છે. આ સત્ય છે અને એમાં કોઇ જાતનો વાદ-વિવાદ કરવાનો રહેતો નથી કારણ કે જેમ જળચર પ્રાણી માછીમારને જોઇ તળીયે જઇ ડૂબકી મારીને સંતાઇ જાય છે તેમ લક્ષ્મી પણ ધી-વર, બુદ્ધિમાન લોકોથી ભય પામી જડ પુરૂષોમાં ડૂબી-સંતાઇ જાય છે અર્થાત મૂર્ખ લોકોને આશ્રયે જ ચાલી જાય છે.'

સામાન્યતઃ આપણે સંસાર-વ્યવહારમાં જોઇએ છીએ કે જુઠ્ઠા-લબાડ-અનૈતિક-અક્કલ-બુદ્ધિ વિનાના મૂર્ખ લોકો જે સંપત્તિવાન-ધનિક હોય છે. જયારે બુદ્ધિમાન-પંડિત-વિદ્વાન-સાહિત્યકારો-નિષ્ઠાવાન-કર્તવ્યનિષ્ઠોને ખાવા-પીવાના પણ સાંસા હોય છે. કવિએ આ નિરીક્ષણ કરી સમજાવ્યું છે કે લક્ષ્મી, (સમુદ્રમાંથી ઉત્પન્ન થઇ-નીકળી) એ જળચર છે. જળચર શિકારીથી ડરે એમ ધી-વર બુદ્ધિમાનથી લક્ષ્મી ડરે છે. તેના પરિણામે મૂર્ખ પાસે જ જાય - રહે છે. જ્ઞાની લોકો તો લક્ષ્મીને રાખતા નથી. દાન-પુણ્ય કાર્યોમાં જ વાપરી નાખે છે. સાચવીને સંગ્રહ કરતા નથી.

## સુવિચાર

- અનેક પ્રયાસો કર્યાં છતાં હું આ પાંચ વસ્તુઓ શોધી શક્યો નથી. સમજણથી મોટી સંપત્તિ, આપત્તિથી મોટી પાઠશાળા, માનવતાથી મોટો ધર્મ, સમયથી મોટો મલમ, માબાપથી મોટા ભગવાન - ***પન્નાલાલ પટેલ***
- સંબંધ અને સંપત્તિની મુઠ્ઠી ભરો તો રેતી છે... અને જો વાવતા રહો તો ખેતી છે - ***જનકલ્યાણ***
- કોઇ પણ ક્ષેત્રના નિયમને જો જાણી લઇએ તો એ નિયમોની વિરૂદ્ધ કાર્ય કરવાની ઇચ્છા જાગતી જ નથી - ***હંસલ ભચેચ***
- દરેક કામ સફળ બને જ એવું જરૂરી નથી, પણ કરેલા કામથી જો મનને સંતોષ થાય તો એ સફળતાથી કંઇ કમ નથી -***એસ. ભટ્ટાચાર્ય***
- કહેવાથી હળવું થાય અને સહેવાથી ઓગળી જાય તેનું નામ દુઃખ - ***રાજચંદ્ર***
- ટોપલીમાં તેજ લઇ નીકળી પડો, ધસમસતા પૂર વચ્ચેથી પણ રસ્તા થઇ જશે- ***મનોજ ખંડેરીયા***
- આનંદ મેળવવાની લ્હાયમાં ઉંમર વીતી ગઇ પણ આનંદ મળી શક્યો નહીં... અચાનક એક દિવસ ભાન થયું કે આનંદમાં તો એ લોકો હતા જેઓ આનંદની વહેંચણી કરતા હતા - ***મુનિ ભાનુચંદ્ર***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

સ્ત્રીને થોડી પ્રેરણા, પ્રોત્સાહન, ચાનક અને ચેલેન્જ આપવામાં આવે તો 'અશક્ય' ને પણ શક્ય કરી બતાવે. ભારત આખા પર કોઇ 'સરમુખત્યારી' કરી શકે? ઇંદિરાબેને કરી બતાવ્યું. ભલભલાને જેલમાં પુરી દીધાં! આજે 'ગુલાબ ગેંગ' જેવી ફિલ્મો આવી જે પ્રેરણાદાયી બની શકે.

ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં દિલ્હીથી સોળ માઇલ દૂર 'સેહાની' ગામે-જાગીરદારની પુત્રી 'બ્રહ્મોદેવી' પરણીને આવી. 'સેહાની' માં પાણીનો કૂવો ન હતો. ગામમાં બધાં બૈરાંને ત્રણ કિલોમીટર દૂર પાણી ભરવાં જવું પડતું.

બ્રહ્મોદેવીના આંગણામાં જ એક જુનો કૂવો હતો. અવાવરૂં અને પાણી સુકાઇ ગયું હતું ઉપરથી ઢાંકી દેવામાં આવ્યો હતો. બ્રહ્મોદેવી એ પતિને આ બાબત પૂછ્યું. પતિ કહે, પહેલાં આ કૂવામાંથી આખું ગામ પાણી પીતું પણ મારા દાદા કહેતા કોઇ દુખિયારીએ કૂવો પૂર્યો - પછી સુકાઇ ગયો. બ્રહ્મો બોલી આપણે ગામ લોકો સાથે મળી ફરી થોડું ખોદાણ કરી 'કૂવો ગાળીએ' તો પાણી ફરી મળે!

પતિએ વાત હસવા ઉડાડી દીધી. બ્રહ્મો છોડે એમ નો'તી એણે કહ્યું તમે રજા દેતા હો તો હું પ્રયત્ન કરું?! પતિ કહે, 'એ તમારાં-બાઇડીયુંનાં કામ નહીં.'

બ્રહ્મો એ આઠ-દસ પડોસણને સમજાવી તૈયાર કરી. પતિદેવો ખેતરે જાય અને શ્રમયજ્ઞ શરૂ થાય. પાંચ દિવસમાં કુવામાંથી સરવાણી ફૂટી. ગામ આખાને સુવિધા થઇ. આજે પણ 'બ્રહ્મોદેવીનો કુવો' તરીકે સેહાનીમાં આ કૂવો હયાત છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# અખબારી આલમ...!! અહિંયા લેખ નહીં લોકોની લાગણીઓ લખાય છે...!!

## લેખ ફક્ત સવારે અખબારમાં રૂબરૂ મળે, લોકો મળે નહીં અને બસ આબરૂ મળે ઉઠે સવારમાં છાપુ લઇ નિરખતી આંખો, વંચાય-વખણાય ને સાંજે પસ્તીમાં મળે

'ગાંધીનગર સમાચાર'ના પાના નં.૪ પર 'વાંચન વિશેષ' વિભાગમાં સતત ૧૦૪ હપ્તા પૂર્ણ કરી '**Hello** ફ્રેન્ડ્સ' આજે બે વર્ષ પૂર્ણ કરી તૃતીય વર્ષમાં ખુશી-ખુશી ડગલાં માંડી રહ્યું છે... યોગાનુયોગ આજે આજ અખબારનો જન્મદિવસ છે. લોકોને વાચનમાંથી વિરાટ સ્વરૂપે પહોંચાડવાનું માધ્યમ બનેલું આ અખબાર 'આપણું પોતાનું અખબાર' એવું એમનાં નામનાં મથાળે માત્ર છાપતું જ નથી પણ એને સાબિત પણ કરી આપે છે... પાછી મૂળ વાત પણ આવી જઈએ, આ કોલમને કેવી રીતે લોકોની લાગણી સુધી પહોંચાડવી એ જ મુખ્ય આશય રહેલો. જિંદગી અને એની તડકી -છાંયડીને વણવાનાં વિણાટ કામવાળી એક સ્વરચિત કવિતા આજના દિવસની આપ સૌને ભેટ કરીતે સાદર કરૂં છું...




આજે વિચાર્યું ચાલો જિંદગી વિણવા લઉં
કામ જરા અટપટ્ટું પણ મન ફાવે કે નહીં જોઉં
લાગ્યું એકદમ સહેલું હશે, અજમાવી જોઉં
રંગ-બિરંગી, જિંદગીને મસ્ત સજાવીને જોઉં
પ્રશ્ન થયો મનમાં કયા કયા ધાગા લઉં?
એક-બે લઉં કે બધાં જ વાપરીને હું જોઉં?
નક્કી કર્યું મનોમન બધાં સારાં સારાં લઉં
બધાંને એકબીજામાં મેળવી વિણીને જોઉં
શરૂઆત કરી મેં તો વાત્સલ્યના ધાગાથી
ધાગો હતો ખૂબ હૂંફવાળોને મુલાયમ
લાગ્યું મને આ ધાગો તો ખુબ કામનો
આને વિણાય મસ્તનો મળે સહારો કાયમનો
પછી તો લીધો મનગમતો મૈત્રીના ધાગો
વાત વાતમાં તો કેટલીય ભરાઇ ગઈ જગ્યાઓ
થોડી થોડી હવે જિંદગી આકાર લેતી હતી
પણ હજીયે કેટલી જગ્યા ખાલી રહેતી હતી
એક એક ધાગો, આશા, સુખ, આનંદનો લીધો
પ્રત્યેકને ધ્યાનથી આપસમાં ગૂંથવા લાગ્યો
ધીમે ધીમે વણાટ હવે મજબૂત થતું હતું
તોય કશુંય ખયાંક ખુટતું એમ લાગતું હતું
પછી એક લીધો નાજૂક નમણાં પ્રેમનો ધાગો
ધાગો આ બહુ સુંદર, મુલાયમ અને રેશમી
આના આગમનથી જિંદગી બની ગઇ રંગીન
લીધો હાથમાં હાથ, સાથે સાથે થયાં સંગીન
હવે ફટાફટ બધાં ધાગા ભેગા કરવા લાગ્યો
યશ, કિર્તી, સફળતા અને અસ્તિત્વનો
અને આ બધા આવતા માર્કેટમાં ઊંચકાયો
સમાજ અને મિત્રોમાં થોડો ઘણો વખણાયો
બધાં જ ધાગા, મસ્ત, સુંદર ને હતા પ્રસન્ન
છતાંય બધું સરખું સરખું જોઇ થયું મન ખિન્ન
થોડાં ધાગા એમ જ ટુંટીયું વાળીને પડ્યાં હતા
પડ્યાં પડ્યાં ત્રાંસી નજરે મારી સામું જોતાં હતા
થયું લાવો જરા જોઈ લઈએ આમને અજમાવી
જિંદગીને જરા જોઈ લઈને આનાથી સજાવી
પછી ધાગો લીધો એક દુઃખનો - એક નિરાશાનો
એક ધાગો અપયશનો અને એક પરાજયનો
ચારેયને લઈને ગૂંથવાનું કાર્ય હવે હાથે લીધું
જિંદગીમાં એના થકી અર્થનું અર્થઘટન પામી લીધું
જિંદગીમાં અપયશ સિવાય યશ નહીંને
જિંદગીમાં દુઃખ સિવાયનું કોઇ સુખ નહીં
જિંદગીમાં પરાજય વગરનો જય નહીં અને
જિંદગીમાં નિરાશા વગરની કોઈ આશા નહીં
સાચું મહત્ત્વ સમજાયું બધાં ધાગાનું મને આજ
સુંદર સુંદર ધાગાથી જ ફક્ત મજા ના હોય રાજ
સીધા સાદાં ઉનનાં વણાટકામમાં પણ
રંગોની સંગત કરવાં ખૂબ મહેનત લાગે જ
પછી જિંદગીના સંબંધોના આ વિણાટ કામમાં
આપણે છૂપો ડરામણો ડર કેમ ના લાગે?
બધાં રંગ-બિરંગી ધાગા હળી મળીને જ
એક પરિપૂર્ણ આયુષ્ય બનતું હોય છે
કયો ધાગો કયાં અને કેવી રીતે વાપરવો
આ મહત્ત્વનો નિર્ણય જેનાં તેના પર હોય છે.



'જિંદગી કૈસી યે પહેલી આહેં, કભી તો હસાયેં, કભી યેં રૂલાએ...' આપણી થાળીમાં રોજ પિત્ઝા, પાસ્તા ને મિઠાઇ હોય, ડિજે ડાન્સ હોય, મચડવા મોબાઈલ ને ભટકવા બાઈક હોય તો જિંદગી ઊબાઈ જતી લાગે... કયારેક કશુંક ઉલટું સુલટું થાય દુઃખ, નિરાશા, અસફળતા, તકલીફ, રૂપિયાની ખેંચ આવે ત્યારે જ તો પેલી માણેલી વસ્તુઓની સાચી કિંમત સમજાવા લાગે...

ખિસ્સામાં રૂપિયાની થપ્પી કે ક્રેડીટ - ડેબીટ કાર્ડ લઈને એક ઝાટકે લાવેલી કોઈ વસ્તુ કરતાં એ વસ્તુ લાવતાં પહેલાં જોયેલાં કેટલાંય સ્ટોર્સ, જાહેરાત કે ફેંદેલી વેબસાઈટનો રોમાંચ અનેરો હોય છે. અને એને જયારે હપ્તામાં ખરીદી લાવી, આડોશપાડોશમાં મિત્રોમાં હોંશે હોંશો 'રાધે'ના પેંડા ખવડાવી આવીએ અને જે આનંદ મળે એ ખરીદીના પ્રવાસનો જે આનંદ મળે એ કદાચ ઉત્તમ સંભારણું બની શકે...

આ કવિતા આપણા સંબંધો અને જરૂરિયાતોનાં વિણાટ કામની વાત કહે છે, જે વાંચશે એને એમ જ લાગે કે આ તો મારાં માટે જ લખી છે. વાત સાચી પણ છે. દર બુધવારે 'હેલ્લો ફ્રેન્ડ્સ' આવે અને સવારે જયારે કોઈ ચાતક નજરે આજે કયો વિષય હશે.' એવું ધારીને પિલ્લું વાળીને પડેલાં પેપરને ઉપાડે, ત્યારે આપણી અખબારી આલમ એ માત્ર સનસનીખેજ સમાચાર માટે જ નહીં પણ જિંદગીમાં કંઈક ગમી જાય, સ્પર્શી જાય, હિંમત આપી જાય, ચૂંટેલો ખણી જાય અને કયારેક મનોરંજન પણ કરાવી જાય એવી વાતો સાથે દરેક વાંચકોને મેસેજ આપે છે કે 'અહિંયા માત્ર લેખ નહીં લોકોની લાગણીઓ લખાય છે.'

એક એક ઈંટ મુકીને દિવાલ ચણાય છે એમ જ એક એક લેખથી અવનવાં ધાગાથી વિણાટ કામ કરવાનાં કાર્યમાં વાંચકો એ એકમાત્ર મજબૂત પ્રેરણા બળ બની રહે છે... અવનવાં મુદ્દા અને વાર્તાનાં પ્લોટ ત્યાંથી જ મળે છે. એકાદા લેખ કે વાર્તાના ફિડબેક પર તો લખનારનું મનોબળ ટકી રહે છે અને નવું આપવા માટે વિચારતો થાય છે. આમ તો એકાદા લેખનું આયુષ્ય સવારે ખીલતાં અને સાંજે કરમાઈ જતાં ફુલ જેટલું જ, છાપું આવે લેખ વંચાય - વખણાય અને સાંજે પસ્તી ભેગો થઈ જાય... પણ કયારેક આ ફુલ કોકનો ગજરો, પ્રભુના ચરણે, શિક્ષકના હાથમાં, ગાડીના સ્ટેરીંગ પર, કે પછી ચાની કિટકી કે હેર કટીંગ સલૂને પહોંચે અને એની સુવાસ એનકેન પ્રફુલ્લીત કરે, ત્યારે એ લોકો મળે કે ન મળે એમની શુભેચ્છાઓ - આશિષ એ ફુલનાં સર્જનહાર સુધી પહોંચતાં જ હોય છે!!

***ચૂંટલો :***

'હેલ્લો ફ્રેન્ડ્સ' ના રંગબેરંગી ધાગામાં ગૂંફાઈ રહેલી આપણી વિવિધ સંબંધોની વાંચનયાત્રામાં તમારા રંગીન ધાગાની આવશ્યકતા છે, એક દો વિષય કે કિસ્સો, મુદ્દો આવશો તો સહુને સ્પર્શી એવી લાગણીની હૂંફમાં આવરણ સાથે સંબંધોના તાણાંવાણાં ગૂંથી લઈશું.

# એક સુનામી આવી અને તેમનું સર્વસ્વ જાણે કે ખેંચીને લઇ ગઇ, અત્યાર સુધીની બધી જમા પુંજી, બધા સંબંધો બધું જ જાણે કે ક્ષીણ વિક્ષીણ થતાં જર્જરીત દેહ માત્ર રહી ગયો

## નવાં કલેવર

**- નટવર હેડાઉ**

અચાનક આયુશ્રી હોસ્પિટલમાં ધમાલ થઇ ગઇ. હોસ્પિટલની ડાયરેક્ટર અને માલીકણ એવી આયુશ્રી ભાવસાર પોતાની આધુનિક સજ્જાથી શોભતી ઓફિસમાંથી બહાર આવી ગુસ્સામાં ધુંવાકુવાં થતી હતી. આખાય સ્ટાફમાં હડકંપ મચી ગયેલો. આજે મેડમ કોના પર નારાજ થઇ રહ્યાં છે.

આ પેલાં મેલાં ઘેલાં કપડાં પહેરેલા દાદા આવેલા છે ને બહેન, મેડમ તેમના પર ગરમ થયાં છે.' સ્વીપર ગંગાબહેને કહ્યું.

'અરે એ તો મેડમની માં, જે રૂમ નં.૪૮માં દાખલ થયેલ વૃદ્ધ માજી છે. ને તેમને મળવા આવ્યા છે.' નર્સ નિર્મલાએ આશ્ચર્યથી ગંગા તરફ જોયું. 'મેડમનો સ્વભાવ બહુ ગરમ છે. રોજ કોઇને કોઇ પર ગુસ્સે થતાં હોય છે. પણ કોઇ પોતાના બાપનું આ રીતે અપમાન કરે, બહેન, આ તો મેં પહેલીવાર જોયું હો...' ગંગાબહેને મોઢું બગાડતાં કહ્યું. 'શું કયો છો ગંગાબહેન, શું એ તેમના બાપ છે. તમને કોણે કહ્યું?'

'આ પેલો કમ્પાઉન્ડર મોહન મકવાણા કહેતો હતો, બહેન એ તો એમ પણ કહેતો હતો કે મેડમ વધારે ભણેલાં ગણેલાં પણ નથી. તેમના પતિ જે આ હોસ્પિટલમાં મોટા ડોક્ટર છે એ પોતે સરકારી ડોક્ટર છે. તેમણએ આ પ્રાઇવેટ હોસ્પિટલ ખોલી દીધી છે. પણ એ પોતે તો ડાયરેક્ટર બની ન શકે તેથી આમને ડાયરેક્ટર બનાવી દીધાં છે.'

'જયારે કોઇ પણ વ્યક્તિને તેની યોગયતા કરતાં વધુ મળી જાય છે તે ગંગા ત્યારે એ આ રીતે જ અહંકારી થઇ જતા હોય છે.' બધાં એ તરફ જાય છે ચાલો આપણે પણ જોઇએ.'

'તમે અહીં કેમ આવ્યા... જાવ... જતા રો... હું તમારું મોઢું પણ જોવા નથી માંગતી. તમે મારા માટે શું કર્યું છે? કેટલીવાર તમને કહ્યું કે મકાન પેપર્સ મારા નામે કરી દો. પણ તમને તો તમારી એકની એક દીકરી પર એટલોય ભરોસો નથી.' આયુશ્રીનો ચહેરો ગુસ્સાથી લાલચોળ લાગતો હતો.

'મારી બધી જ બચત અને તારીમાંના ઘરેણાં બધું જ તને આપી તો દીધું છે. અને બેટા આયુ હું મરી જઇશ ત્યારે આ મકાન પણ કંઇ સાથે તો લઇ જવાનો નથી.' વૃદ્ધ વસંતરાયનું ગળું સૂકાતું હતું.

'તો એમાં કયો મોટો અહેસાન તમે મારા પર કરી દીધો છે. મને નહીં આપો તો કોને આપશો? બીજું તમારું છે પણ કોણ? તમારી સારસંભાળ પણ હું જ લઉં છું ને?'

'આ તમારી પત્ની મહિનાથી આ રૂમ અને પથારી રોકીને પડી છે તેના કેટલા ચાર્જીસ છે તેની તમને ખબર છે? નર્સ., દવાઓ, બાઇ રાખી છે એ બધાનો ખર્ચો કેટલો થાય તેની ગણતરી કરી છે કોઇ દિવસ? આ બધા ખર્ચા કોણ કરે છે કહો જોઇએ...'

'મારી પત્ની તારી માં પણ છે. આયુશ્રી તેણે તને જન્મ આપ્યો છે. ઉછેરીને મોટી કરી છે. તારે... તેને અહીં હોસ્પિટલમાં રાખવાનો ખર્ચો જોઇએ છે. તેં તો ફોન પર કહેલું ને તો ચિંતા ન કર લે હું લઇને જ આવ્યો છું. આ પચાસ હજાર રૂપિયા રાખ.' વસંતરાયે ૫૦ હજાર રૂપિયાની થોકડી તેના હાથમાં પકડાવતાં તેમાંથી ૫૦૦ ની એક નોટ કાઢી લીધી.

'ફક્ત ૫૦ હજાર... બહુ ઓછા કહેવાય, તેમાંથી પણ તમે ૫૦૦ કાઢી લીધા.' આયુશ્રીએ બુમ પાડી.

'પાચાં જવાનું ભાડું પણ જોઇશે ને.' વસંયરાયે ધીમેથી બોલ્યા.

'મને ખબર નથી કે તમે કઇ રીતે જશો? તમે મકાનનાં પેપર્સ મારા નામે કર્યાં નથી. હવે હું આ ડોશીને મારી હોસ્પિટલમાં રાખીશ નહીં. મને તમારી નિયત પર શંકા જાય છે.' આયુશ્રીનો ક્રોધ સાતમા આસમાને પહોંચીગયો હતો. સ્ટાફના લોકો આયુશ્રીને ફાટી આંખે જોઇ રહ્યાં હતા.

'મકાનનાં પેપર્સ તારા નામે નહીં કરું, મને તો તારા ઉપર હવે જરાય વિશ્વાસ રહ્યો નથી. આયુશ્રી શું મારા મર્યા પછી એ મકાન તારું જ નહીં થઇ જાય? હું કોને આપવાનો, અને શા માટે? આયુશ્રી તું તો મારી એકની એક દીકરી છે. જીવતે જીવત અમારો આ આધાર છીનવી ન લે બેટા' ગુસ્સામાં બોલતાં બોલતાં વસંતરાયનો સ્વર ભીનો થઇ ગયો.

'સારૂં, તો તમે ઠીક લાગે તેમ કરો, મને ઠીક લાગે તેમ હું કરીશ. નર્સ રૂમ. નં.૪૮ના પેશન્ટને બહાર લઇ આવો. અને ડિસ્ચાર્જ પેપર્સ બનાવી દો.' ગુસ્સામાં પગ પછાડતી આયુશ્રી ભાવસાર પોતાની કેબિનમાં ચાલી ગઇ. વૃદ્ધ અને અશક્ત વસંતરાયને પુત્રીના આ વર્તનથી ઊંડો આઘાત લાગ્યો હતો. તેમની આંખોમાં આંસુ વહેવા લાગ્યાં, એમ લાગતું હતું કે હમણાં લથડી પડશે. કાઉન્ટર પાસે પહેલી ખુરશી ખેંચી એ બેસવા ગયા.

'એને હાથ ન લગાડશો, એ મારી ખુરશી છે.' પાસે ઉભેલા ચિરાયુ એ એક ઝાટકા સાથે પોતાની ખુરશી ખેંચી લીધી.' ડો. ચિરાયુ તેમનો ભાણેજ અને આયુશ્રીનો એકનો એક દીકરો, આ વર્ષે જ એમ.બી.બી.એસ. કરીને આવ્યો છે. વસંતરાય પડતાં પડતાં માંડ બચ્યા. દિવાલનો ટેકો લઇ ત્યાં જ જમીન પર બેસી ગયાં. એમ થતું હતું જાણે કે જીંદગીની કમાણી એક પળમાં ગુમાવી દીધી ન હોય.

એક સુનામી આવી અને તેમનું સર્વસ્વ જાણે કે ખેંચીને લઇ ગઇ. અત્યાર સુધીની બધી જમા પુંજી, બધા સંબંધો બધું જ જાણએ કે ક્ષીણવિક્ષીણ થતાં જર્જરીત દેહ માત્ર રહી ગયો. હવે બીજું જોવાનું શું બાકી છે. હે ભગવાન... આ કેટલી માનતાઓ માની તે માંગેલી અને હૃદયના ઉમળકાથી ઉછેરેલી દીકરી. તેના માટે થઇને પોતાના નાના ભાઇ સાથે પણ સંબંધો તોડી નાંખેલા. તે બાળપણથી જ તેને પોતાનો હરીફ માનતી હતી. તેથી તેના કહેવાથી બાપદાદાની જમીન વેંચી સોનું અને કિસાન વિકાસપત્ર ખરીદેલાં તે તો તેણે લઇ લીધાં હવે મકાન પણ તેની નજર છે.

ચિરાયુના કહેવાથી નર્સ તેમની પત્નીને વ્હીલચેરમાં બહાર લઇ આવી હતી. તે કતરાઇ ને ઘડીક પોતાની બિમાર મરણાસન્ન જેવી પત્નીને અને ઘડીક ચિરાયુને જોવા લાગ્યા. આયુશ્રીની કેબિન તરફ પણ જોયું. પ્રેમ નહીં તો થોડી દવા પણ કરી દે તેમના પર એવી ઇચ્છા રણમાં મૃગજળમાં પાણી શોધવા સમાન હતી. 'અરે! કોઇ અમને બસ સ્ટેન્ડ સુધી તો પહોંચાડી દો. આવી હાલતમાં અમે કઇ રીતે જઇશું.' પોતાની લાચારીથી તેમની આંખો ફરી છલકાઇ ગઇ.

'હોસ્પિટલના ગેટની બહાર તેમને મુકવા કોઇ જશે નહીં.' ચિરાયુંના આદેશથી આખો સ્ટાફ સમસમી ગયો. તેને નાનાની આંગળીઓ વચ્ચે રહેતી ૫૦૦ રૂપિયાની નોટ પણ છીનવી લીધી હતી.

***(ક્રમશઃ)***

# સંબંધોનું ટકાઉપણું ગેરંટી-વૉરંટી આધારીત ન પણ હોય

## ગુલમહોર

**- દિનેશ દેસાઈ**

જાહેર જીવન અને ખાનગી જીવન બેઉ જુદી જુદી અવસ્થા છે, વ્યવસ્થા છે. પરિવારનું જીવન અને જાહેર જીવન. બેઉમાં સરખાપણું ન પણ હોય. જુદાપણું પણ હોય. ખાનગી વ્યક્તિનું જાહેર જીવન એટલે — નોકરી કે વ્યવસાયનું સ્થળ. નોકરી કે વ્યવસાયના સ્થળે વ્યક્તિની જુદી જ ભુમિકા હોય. કામકાજના સ્થળ ઉપર તમને એક જ દિવસમાં રોજના કેટકેટલા લોકો સાથે મળવાનું અને વાત કરવાનું બને. ખાનગી જીવનમાં માત્ર ઘર-પરિવાર અને ઘરે આવેલા સગાં-સંબંધીઓ અને મહેમાન.

જીવનની આ તાસીર છે. ઘર-પરિવાર નાનો હોય એવું કહેવાનો આશય નથી. ઘર-પરિવારનો વ્યાપ પણ બહોળો અને મોટો હોઈ શકે. બીજી તરફ નોકરી કે વ્યવસાયના સ્થળના આપણા સંપર્કો અને સંબંધો પણ બહોળા હોઈ શકે. આ બે અવસ્થા યા વ્યવસ્થામાં ફરક એ છે કે નોકરી — વ્યવસાય સાથે જોડાયેલા સંપર્કો અને સંબંધો વર્ષોનાં વર્ષો પછી પણ જાણે કે હંગામી જ લાગ્યાં કરવાનાં. જ્યારે ઘરપરિવાર સાથે જોડાયેલાં સંબંધો અને સંપર્કો કદાચ આજીવન ટકી જતા હોય છે. આ બેઉ પરિમાણમાં અપવાદ પણ હોઈ જ શકે. એટલે કે નોકરી — વ્યવસાયની સાથોસાથ બંધાયેલા સંપર્કો-સંબંધો આજીવન ટકી પણ જાય. મૂલતઃ કોઈ પણ સંબંધ ટકાઉ છે કે તૂટી જાય એવો છે, એની ગેરંટી આપી શકાતી નથી. કારણ કે આ બધું સમય સાથે અને પરિસ્થિતિ સાથે જોડાયેલું હોય છે.

> ***જાહેર જીવન અને ખાનગી જીવન બેઉ જુદી જુદી અવસ્થા છે, વ્યવસ્થા છે, પરિવારનું જીવન અને જાહેર જીવન, બેઉમાં સરખાપણું ન પણ હોય, જુદાપણું પણ હોય***

"રોકસ્ટાર" ફેમ અભિનેત્રી નરગીસ ફખ્રીએ હમણા થોડા દિવસ પહેલા કહ્યું હતું કે "બોલિવૂડની ટૂંકી સફરમાં મેં અનુભવ્યું છે કે અહીં તમારી સાથે મિત્રતાનો સંબંધ ત્યાં સુધી જ લોકો રાખે છે કે જ્યાં સુધી તમે એક બીજા સાથે (એક ફિલ્મમાં) કામ કરતા હો. ફિલ્મ પુરી થાય કે તરત દોસ્તી, મિત્રતા, સંબંધનો અંત આવી જતો હોય છે, જ્યાં સુધી ફરી પાછી નવી ફિલ્મમાં સાથે કામ કરવાનું ન બને ત્યાં સુધી."

જીવનની આ જ સચ્ચાઈ છે. તમે જે કોઈ કંપની, ઓફિસ કે પ્રોજેક્ટ યા ઓર્ગેનાઈઝેશન કે પછી કોઈ ગ્રુપમાં સાથે કામ કરતા હો અથવા તો ફરજ બજાવતા હો ત્યાં સુધી જ બધું સારું સારું હોય છે. નરગીસ ફખ્રીની જેમ ફિલ્મનો પ્રોજેક્ટ પુરો થાય કે પછી આપણે એક ઓફિસ યા કંપનીમાંથી ટ્રાન્સફર યા જોબ છોડીને નવી જોબમાં જવાનું બને, નવી જગાએ જવાનું થાય ત્યારે પહેલાની જગાના તમામ સાથીઓ-મિત્રો તમને ભુલી જ જતા હોય છે. કારણ કે એમને હવે તમારી કોઈ જરુર હોતી નથી. નવી જગાએ ફરી એક વાર નવા વાતાવરણ સાથે નવો સ્ટાફ, નવા સાથીઓ-મિત્રો તરીકેની ભુમિકામાં આવી જતો હોય છે. આ સચ્ચાઈનો ઈનકાર થઈ શકે નહીં.

આજે નવી સદી ડિજિટલ છે, તો સંબંધો પણ ડિજિટલ બની ગયા છે. લોકો એકબીજાને મેસેજિંગમાં યા વોટ્સ-ઍપ્સ્માં ડિજિટલ ગુલાબ મોકલી શકે છે, ખરીદીને તો ગુલાબ કોઈ મોકલતું નથી. બધું કૃત્રિમ અને અવાસ્તવિક બનતું જાય છે. પ્લાસ્ટિકના ફુલ જેવો ડિજિટલ યા કૃત્રિમ વ્યવહાર ચાલતો રહે છે. જેની આપણને ખબર પડતી હોય છે, પણ સામી વ્યક્તિને હર્ટ ના કરવાના હેતુથી આપણને સમજ પડી નથી, એવો દેખાવ કરતા રહીએ છીએ.

નવા પ્રોજેક્ટ અને નવી કંપની સાથે કામ કરવાનું આવે એટલે જૂના સંબંધો મોબાઈલ નંબરોની જેમ ડિલિટ થતા જાય છે. લાગણીઓ અને એટેચમેન્ટ્સને જાણે વાઈરસ લાગે અને સંબંધોની સિસ્ટમ ફોરમેટ કરાવવી પડતી હોય છે. જૂનો બધો ડેટા આપોઆપ ઊડી જતો હોય છે. આપણી હાર્ડ ડિસ્ક લાગણી વિનાની બની જવાથી બધો ડેટા સચવાતો નથી. સંબંધ કરપ્ટ થઈ જાય છે. એક વાર ગયેલો સંબંધ ડેટા જેવો જ ગણાય ને. પાછો ના પણ આવે.

ઘર-પરિવાર સાથે જોડાયેલાં સંબંધો - લોહીનાં સંબંધો વધુ ટકાઉ હોય એવું પણ હંમેશા બનતું નથી. તો, બીજી તરફ નોકરી-વ્યવસાયના કારણે સંપર્ક અને સંબંધ શરુ થયો હોય એ ટકાઉ ન હોય એવું પણ કહી શકાય નહીં. અપવાદ તો બેઉ પરિસ્થિતિઓમાં આવી જ શકે. બધો આદર આપણે સંબંધને કેટલો આદર આપીએ છીએ, એના ઉપર રહેલો છે.

સંબંધ એ લાગણી નામનો છોડ જ છે. એની ખુબ કાળજીથી માવજત કરીને સંબંધ ઉછેરવા પડે. એને થોડો છાંયો અને થોડો કુમળો તડકો પણ આપવો પડે. કાળજીનાં ખાતર-પાણી પણ એને સિંચવા પડે. જો સંબંધના છોડને વાવ્યા પછી ધ્યાન ન આપીએ તો એ સંબંધ સમી સાંજના ફુલની માફક કરમાઈ પણ જાય. જો વધુ પડતાં ખાતર-પાણી આપીએ તો છોડ નમી પડે, તૂટી જાય, અને ઓછાં આપીએ તો સૂકાઈ પણ જાય.

કોઈ પણ વાતનો અતિરેક સંબંધો ઉપર વિપરીત અસર છોડી શકે. પ્રમાણભાન જળવાય એ જરુરી બને છે. અતિરેક પણ નહીં અને ઓછપ પણ નહીં. વનસ્પતિની માફક જીવનનો પણ સાર એ જ છે ને કે કોઈ જાતનો અતિરેક ન થવો જોઈએ. આ જ તો જીવનનું સત્ય છે. નરગીસ ફખ્રીએ બહુ ઓછા શબ્દોમાં ચમક-દમકવાળી ગ્લૅમરની દુનિયાની અંધારી બાજુઓને ખોલી આપી છે. જ્યારે કોઈ કલાકાર એકલો-અટુલો પડી જાય છે ત્યારે તે આઘાતમાં સરી પડે છે કેમ કે કોઈ તેને બોલાવતું નથી. જીવનનું સત્ય એ છે કે દુનિયા ઊગતા સૂર્યને પૂજનારી છે.

**સ્ટોપર :**

સચ્ચાઇ છુપ નહીં શકતી બનાવટ કે ઉસુલો સે,
કિં ખુશ્બુ આ નહીં શકતી કાગઝ કે ફૂલોં સે
૨૧મી સદીની આજની હકીકત -
સચ્ચાઇ છુપ શકતી હૈ, અગર આપસ મેં મેલ હો,
ખુશ્બુ આ ભી સકતી હૈ, અગર કાગઝ મેં તેલ હો.